મે ૨૦૧૬

કિંમત ₹ ૧૨/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ

## રજા...એ...મજા



તંત્રી તથા સંપાદક:
ડિમ્પલ મહેતા
વર્ષ : ૮, અંક : ૯
સળંગ અંક : ૯૩
મે ૨૦૧૬

સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org

Printed & Published by

Dimple Mehta on behalf of
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

Owned by
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

Printed at
Amba Offset
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

Published at
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
કુલ ૨૦ પેજ કવર પેજ સાથે

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૨૫ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

## સંપાદકીય

દર વર્ષની જેમ ફરી વેકેશન આવીને ઊભુ રહી ગયું. અને મને ખાતરી છે કે તમે બધા તમારા આ મનપસંદ અંકની પણ આતુરતાથી રાહ જોઈ રહ્યા હશો.

તો આ વખતે ખરેખર તમને મજા પડી જાય એવો અંક છે. નવી નવી વાતો સાથે નવી જાતની એક્ટિવિટી પણ આમાં સમાયેલી છે, જે કરવાની તમને બધાને ખૂબ મજા આવશે જ. મને ખાતરી છે. તો શરૂ કરી જુઓ અને મજા કરો.

દરેક પીનપત્તુ ફાડીને એમાં દેખાડ્યા મુજબ નાની સ્ટોરી બુક બનશે. છેલ્લે કવર પેજ બચે એનું સ્ટોરી બુક કવર બની જશે. કવર પેજ પર દેખાડ્યા મુજબ કરવાનું છે, જેના સ્ટેપ્સ નીચે આપ્યા છે.

૧. કાતર બતાવી છે ત્યાંથી કાપો ૨. કાળી લાઈનથી અંદર ફોલ્ડ કરો ૩. ઉંધુ કરી, પટ્ટી પર ગુંદર લગાવો ૪. પાનુ ૧ ને ઉંધુ કરો ૫. ગુંદર લગાડેલો ભાગ કાળી લાઈન પર ચોંટાડી દો ૬. ઉપરથી વાળી દો ૭. હોલીડે ટ્રેઝર તૈયાર.

- ડિમ્પલમહેતા

૧૬

લક્ષ્મી ક્યારે ના મળે... લોકોની નિંદા - કુથલીમાં પડે ત્યારે.



# જ્ઞાનીઓ કહે છે...

૧૪



દાદાજી...

**3**

જગતમાં બધા જ સુખ ખોળે છે. સુખ એવું હોવું જોઈએ કે જેના પછી ક્યારેય દુઃખ ન આવે.

હકીકતમાં આ જગતમાં દુઃખ જેવી કોઈ વસ્તુ જ નથી. કલ્પનાથી ઊભું કરેલું છે. જલેબીમાં દુઃખ છે એમ કલ્પના કરે તો તેને તેમાં દુઃખ લાગે અને સુખ છે, એમ કલ્પે તો સુખ લાગે. માટે એ યથાર્થ સુખ નથી.

સાચું સુખ તો બધાને એકસરખું લાગે. આ તો તું જેમાં સુખ માને છે એમાં બીજાને અપાર દુઃખ લાગે. એવું આ જગત છે.




૧૫

આપવાનું શીખ્યો
ત્યારથી સદ્‌બુદ્ધિ ઉત્પન્ન
થઈ.




૧૩

અહિંસા કોનું નામ કહેવાય કે
પૂરી શક્તિ હોય, છતાં એને
કોઈ કશું કરે, તોય એ સામું કશું
જ ન કરે.

૧૬

હું જાણું છું કે આ બધું જ
શીખવવું અતિશય મુશ્કેલ છે,
પણ હું આપને વિનંતી કરું છું કે
તમારાથી આ અંગે જે કંઈ પણ
કરી શકાય તે જરૂર કરજો.

# શિક્ષકને પત્ર

અબ્રાહમ લિંકને
એના પુત્રને સ્કૂલમાં
મૂક્યો, ત્યારે શિક્ષકને
લખેલો પત્ર

૧૪

એને સહીષ્ણું બનવાની
હિંમત આપજો અને તેનામાં
શક્તિશાળી બનવાની ધીરજ
પણ કેળવજો.

3

એને એ પણ શીખવજો કે
દુશ્મન હોય છે તે સાથે સાથે
સારા મિત્રો પણ હોય છે.

૨

આદરણીય શિક્ષકશ્રી,
એને એ શીખવજો કે સમાજમાં જેમ લુચ્ચા અને સ્વાર્થી માણસો હોય છે, એમ સારા અને સમર્પણની ભાવનાવાળા માણસો પણ હોય છે.

૧૫

પુસ્તકોની દુનિયામાંથી એને થોડોક નિરાંતનો સમય પણ આપજો જેથી એ કુદરતના ખોળે રમવાનો અને એના શાશ્વત રહસ્યોને ખોળવાનો આનંદ માણી શકે.

૪

સાચી રીતે કમાયેલો ડોલર મફતમાં મળેલા પચાસ ડોલર કરતા અનેક ગણો કિંમતી છે.

૧૩

એને પ્રેમથી સંભાળજો પણ વધુ પડતા લાડ લડાવી બગાડશો નહીં કારણકે અગ્નિ માંથી તપીને જ લોખંડ પોલાદ બને છે.

૧૬

બધા ભક્તો શરમાઈને
નીચું જોઈ ગયા.

# તીર્થ શું કરે ?



૧૪

તુકારામે કહ્યું : 'ખરી વાત
છે. એ જ રીતે ગમે તેટલી
જાત્રા કરીએ, પણ આપણો
સ્વભાવ ન બદલીએ તો
આપણે પણ આ કડવી
તુંબડી જેવા જ છીએ.'


3



૨

કેટલાક ભક્તોએ તીર્થયાત્રાએ જવાનું નક્કી કર્યું. સંત તુકારામ વારંવાર એમને ક્રોધ-માન-માયા-લોભ માંથી છૂટવા પુરૂષાર્થ કરવા કહેતા પણ ભક્તો સાંભળતા નહીં.


૧૫



૪

સંત તુકારામે એમને પાઠ શીખવવાનું નક્કી કર્યું. એમણે ભક્તોને બોલાવીને કહ્યું, ‘મારાથી તો જાત્રાએ અવાય એમ નથી, પણ મારી આ તુંબડીને લઈ જાઓ. એને દરેક તીર્થમાં સ્નાન કરાવજો !’

૧૩




## ૧૬ તમારી નાનકડી સ્ટોરી બુક કેવી રીતે બનાવશો?


૧. પીન પત્તુ ફાડી લો, જ્યાં કાતર દેખાડી છે, એ લાઈન પર કાતરથી કાગળ કાપો.

૨.બાજુમાં દેખાડ્યા પ્રમાણે પાના નંબર જોઈ એકની નીચે એક એમ ગોઠવો.

૩. ગોઠવ્યા બાદ પાનાની થપ્પીને વચ્ચેથીવાળો અને ત્યાં સ્ટેપલર મારો.






તમારી પોકેટ સ્ટોરી બુક તૈયાર!!!













જોજો, ભવિષ્યના વધુ સુખનો લોભ
વર્તમાનનું સુખ ગુમાવી ન દે.








૧૨
અરે, વધારે પૈસા કમાઈને તું બે ની ત્રણ અને ત્રણની ચાર બોટ અને એમ કરતાં કરતાં તારી પાસે એટલાં બધાં પૈસા થઈ જશે કે તું શહેરમાં રહેવા આવી શકીશ અને તારી પાસે પણ ગાડી-બંગલા બધું થઈ જશે પછી તું તારા પરિવાર સાથે આનંદની જિંદગી વિતાવી શકીશ.


૫
બસ ! ત્રણ-ચાર કલાક ! તો તમે ઘર કેવી રીતે ચલાવો છો અને બાકીના સમયમાં શું કરો છો ?


૧૦
વધારે પૈસા કમાઈને તું બીજી બોટ ખરીદી શકીશ અને વધારે માછલી પકડી શકીશ અને હજું વધારે પૈસા કમાઈ શકીશ.


૭
થોડો સમય અમે અમારી પત્નિ સાથે ગાળીએ, સાંજે બધા મિત્રો સાથે મળી ગીતો ગાઈએ અને જિંદગીનો આનંદ લુંટીએ.


૬
મારું ઘર આટલામાં બરાબર રીતે ચાલે છે અને બાકીના સમયમાં અમે થોડો આરામ કરીએ, અમારા બાળકો સાથે રમીએ...
૧૧
પણ હું એટલાં બધાં પૈસા કમાઈને શું કરું ?


૮
જો, હું એમ.બી.એ. ભણેલો છું. શહેરમાં મારી પાસે મારો બંગલો છે, ગાડી છે અને બધા જ સુખો છે. તું આવી રીતે સમય બગાડે છે એના કરતાં વધારે સમય માછલી પકડ અને તેને વહેંચીને વધારે પૈસા કમાવવાનું ચાલું કર.
૯
વધારે પૈસા કમાઈને હું શું કરું ?

૧૨

ભક્તો કહે : ‘એનો સ્વભાવ જ એવો છે. પછી તીર્થ શું કરે ?’


૫



૧૦

તુકારામે કહ્યું : ‘આટઆટલા તીર્થમાં સ્નાન કર્યું તોયે એ કેમ કડવી રહી ?’


૭



૬

ભક્તો અનેક તીર્થોની જાત્રા
કરીને પાછા આવ્યા. એમણે
તુકારામને તુંબડી પાછી આપી
કહ્યું, 'અમે આને એકેએક
તીર્થમાં સ્નાન કરાવ્યું છે.'


૧૧



૮

તુકારામે એ જ તુંબડીનું શાક
કરી ભક્તોને પીરસ્યું.
ભક્તોએ ખાઈને એ થૂંકી
નાખ્યું અને મોઢું બગાડતા
બોલ્યા, 'આ તો કડવી છે.'

૯



૧૨

ટોળાની બુમોથી ઝુકી ન
પડે અને તે સાચો છે,
એમ માનતો હોય તો
અડગ ઊભો રહી લડત
આપે, એવું શીખવાડજો.

૫

એને ખેલદિલીથી હારતા
શીખવજો અને જીતવાનો
આનંદ માણવાનું પણ
શીખવજો.

૧૦

એને વાંકી દષ્ટિવાળા
માણસથી દૂર રહેવાનું અને
ખુશામતિયાઓથી ચેતવાનું
પણ શીખવજો.

૭

મારા પુત્રમાં એ શક્તિ પણ
હોય કે જો બધા જ જ્યારે
પવન પ્રમાણે બદલાતા હોય,
ત્યારે ટોળાને અનુસરવાને
બદલે તે એકલવીર બની શકે.

૬

એને એટલું જરૂર શીખવજો
કે પરીક્ષામાં ચોરી કરી પાસ
થવું, એના કરતા નાપાસ થવું
એ ઘણું વધારે માનભર્યું છે.

૧૧


એને પોતાની બુદ્ધિ અને શક્તિની
વધારેમાં વધારે કિંમત ઉપજાવતા
શીખવાડજો, પણ પોતાના આત્મા
અને હૃદયને પૈસા માટે વહેંચી ન
દે, તેવું પણ શીખવજો.

૮

એને બધાની વાત શાંતિથી
સાંભળવાની ટેવ પાડજો, પણ એ
શીખવજો કે તેમાંથી સત્યની
ચાળણીમાંથી ચાળીને, સારું હોય
તે જ ગ્રહણ કરે.

૯

તમારાથી બને તો તેને દુઃખમાં
પણ હસતા શીખવજો, એને એ
પણ સમજાવજો કે આંસુ
પાડવામાં કોઈ શરમ નથી.




૫


## નીરુમા...

આપણી દરેક ક્રિયા વખતે એ ખ્યાલ આવવો જોઈએ કે હું આ બોલું છું એની સામા પર શું અસર થશે.

એ ખ્યાલ નથી આવતો માટે રોજ સવારે પાંચ વાર દિલથી બોલો કે 'મારા મનથી, વાણીથી કે વર્તનથી કોઈને દુઃખ ન હો'. આ જેટલું બોલશો એટલું વિઝન ખૂલતું જશે. તો દુઃખ આપવાનું ઓછું થતું જશે.

અને કોઈ વ્યક્તિને આપણાથી વારેવારે દુઃખ અપાઈ જતું હોય, એવી વ્યક્તિ માટે સ્પેશિયલી બીજી પાંચ વાર બોલો. એ ભેગા થવાના હોય એ પહેલા આ બોલવાનું ચાલું કરી દો. એ બહુ હેલ્પ કરશે.

---




## પૂજ્યશ્રી...

૭

ધ્યેય એનું નામ કહેવાય કે દિવસમાં પચ્ચીસ વખત યાદ આવે. બે-ત્રણ મહિને એક વખત યાદ આવે એને ધ્યેય ન કહેવાય.

મોક્ષના ધ્યેયવાળો કેવો હોય? એને સતત પોતાના મોક્ષ માટે હિતકારી શું, બાધક શું એની જાગૃતિ હોય. એ ક્યાંય ચુકે જ નહીં. કંઈક ખોટું કરતાં એને તરત ખૂંચે કે આ મારા અવતાર બગાડશે. મારો મોક્ષ નહીં થવા દે. એ મોક્ષના ધ્યેયવાળો કહેવાય. કોઈ સાથે અથડામણ થતાં એને વિચાર આવે જ કે એ જીવ સાથે મારું વેર બંધાશે. એની સાથે મારો છુટકારો ક્યારે થશે? એટલે એ તરત પાછો ફરી જાય. એડજેસ્ટમેન્ટ લઈને તરત સોલ્યુશન લાવી નાખે અને પોતાના મોક્ષનો ધ્યેય ન ચૂકે.

૬



૧૧

એક ફેર ઝઘડો કરવો એ પાંચ હજાર રૂપિયાનું નુકસાન કર્યા બરાબર છે.

૮

# આ તો નવી જ વાત !

૯




બીજાને અનુકૂળ થતાં આવડે એને કોઈ દુઃખ જ ન હોય.

## જ્ઞાનીઓ કહે છે...



## ચાર બુક્સ





## શિક્ષકને પત્ર



## તીર્થ શું કરે ?

## આનંદ તો મારી પાસે જ છે.

# હા...હા...હી...હી...

ટીચર: ચીકુ તારી એટેંડન્સ ઓછી છે તું પરીક્ષામાં બેસી નહીં શકે.
ચીકુ: કંઈ વાંધો નહીં, આપણને એવું કોઈ અભિમાન નથી, આપણે તો ઊભા ઊભા પરીક્ષા આપીશું.






બંટી: શું તું ચાઈનીઝ ભાષા વાંચી શકે છે?
પપ્પુ: હા, જો એ હિન્દી અને અંગ્રેજીમાં લખી હોય તો.

બાપુએ પૂરપાટ ગાડી હંકારતા અકસ્માત નોતર્યો.
કોર્ટમાં જજસાહેબે પૂછ્યું, 'બોલો શી સજા આપું? ૩૦ દિવસની જેલ કે ૩૦૦૦ રૂપિયા ?'
બાપુ: 'સાહેબ, રૂપિયા આપો તો ગાડી રિપેર થઈ જાય '



Akram Express
May 2016
Year : 8, Issue : 9
Conti. Issue No.: 93

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2015-2017
valid up to 31-12-2017
LPWP Licence No. CPMG/GJ/27/2015
valid up to 31-12-2017
Posted at Adalaj Post office
on 08th of every month



# હોલીડે ટ્રેઝર

<u>અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના</u>

૧. આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # # હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 # #**. અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨. જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં. ૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **SMS** કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**, ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - શ્રી ડિમ્પલભાઈ મહેતા દ્વારા અંબા ઑફસેટ - પાર્શ્વનાથ ચેમ્બર્સ, ઉસ્માનપુરા, અમદાવાદ - ૧૪ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.